# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૭ • તા.૧૯ થી ૨૫ માર્ચ ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# સમસ્ત મહાજનની પારદર્શક કાર્ય પધ્ધતિને લીધે જ્ઞાતિજનોની કઠિનમાં કઠિન સમસ્યાઓનો નિકાલ તાબડતોબ થઈ જાય છે

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સર્વથા ત્યાગને લાયક અહંકાર

દરેક વ્યક્તિ વધતે ઓછે અહંકારથી પીડાતો હોય છે. કોઈને ધનનો, કોઈને તનનું, કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને પરિવારનું-પૂર્વજોના નામ-કામનું અભિમાન હોય છે. આપણે અન્યથી ચડિયાતા માનીએ એટલે અહંકારનું બીજ વવાઈ જાય. જો એની પ્રત્યે લક્ષ ન અપાયતો તે વધુને વધુ ઊંચે ચડી જાય છે. પછી એનું ટ્રીમીંગ કરવું, કાપવું કે જડમૂળથી નાશ કરવું મુશ્કેલ ભર્યુ થાય છે. જ્ઞાનનો અને ત્યાગનો પણ માણસને અહંકાર હોય છે. ધનવાનોને પ્રાપ્ત થયાનો અહંકાર છે. તો ત્યાગીને છોડ્યાનો અહંકાર રહે છે. અહંકાર તો છેવટે માણસનું પતન કરે છે. તેનું અસ્તકાળ સર્જે છે.

અહંકારી વ્યક્તિ કોઈના આગળ નીકળી જવાથી, કોઈ એનું કહ્યુ ન માનવાથી કોઈ એને સરખા માનપાન ન આપયા એનો ક્રોધ શિરે ચડી બોલે છે. અને મોઢાથી કડવા વહેણ નીસરી જાય છે. અયોગ્ય વર્તાવ થઈ જાય છે. આ માત્ર માણસના અહંકારથી થાય છે. જેટલો અહંકાર વધે છે એટલાં સુખચેન અને શાંતિ હણાઈ જાય છે. સજ્જન પણ શેતાન બની જાય છે.

હું કંઈક છું. હું બધાથી ચડિયાતો છું એ ભાવનાની લાલચ પણ અહંમ પદની અસર છે.. કોઈ આપણને સતત માન પાન આપે, સારો આદર સત્કાર આપે. ધન-પદ-સતા પ્રતિષ્ઠાના વાધા પહેરાવે, ઊંચા આસને બેસાડે એવો ખ્યાલ કરનારે એટલું યાદ રાખવું જોઈએ કે ઊંચા-માન-પાન મળે એ સ્વાર્થ વગર ભય વગર મળવા જોઈએ. પરાણે પ્રીત આપે એવા ન હોવા જોઈએ સ્વાર્થનો સંબંધ ક્ષણિક જેવો હોય છે. સ્વાર્થ પૂરો થઈ ગયા પછી સમીપ રહેતા સગાંઓ પણ આઘે આઘે સરી જાય છે કે ક્યાંય નજરે ચડતા નથી.

સારા સમયનું થતું અભિમાન ખરાબ સમય આવે ત્યારે જીવવું આકરું કરે છે. સમય ગમે એવો ઊંચો નીચો હોય. સૌ સાથે સારપથી વર્તીએ, સ્નેહ, સૌહાર્દપૂર્વક હળીએ મળીએ અને સૌની સાથે ભળીએ તો કપરા સમયમાં પણ આપણે હળવા ફૂલ રહી શકીએ છીએ. સૌના આદર પાત્ર બની. માનપાન આસાનીથી પામી શકીએ છીએ.

માણસ બધુ ત્યાગી દે, છોડી દે, સાધુ-સંન્યાસી થઈ જાય તો પણ મનમાં સૂક્ષ્મ સજીવ રહેલો અહંકાર જીવતો રહે છે. મારો સંપ્રદાય શ્રેષ્ઠ, મારા શિષ્યો ઉચ્ચપ્રકારના, મારો મઠ ઉતમ, મારો વાણી પ્રવાહ, મારો બોધ, ઉપદેશ સરળ અને સમજવા લાયક. આ લાગણી ભાવ એ પણ ગુમાનનું સર્જન કરે છે. ત્યાગ માત્ર બતાવવાથી તેનો અંચળો ઓઢી લેવાથી હેમ ખેમ નથી રહી શકાતું. અસલી ચહેરો વર્તન, વાણીથી ક્યારેક તો બહાર પ્રગટી ઉઠે છે. આ કૃત્રિમતા બહાર ખૂલ્લી પડી જાય છે. ત્યારે આપણે કોઈને મોઢું બતાવવાને લાયક રહેતા નથી. આ જ સચ્ચાઈ છે. આ જ જીવનની શિખામણ છે. એટલે જ સંત કબીર લખી ગયા છે કે

લેને કો સંતનામ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડુબને કો અભિમાન

માટે નમ્રતા રાખીશું તરી જઈશું તો ગર્વ, ગુમાન ને અભિમાનથી ક્યારે કને ક્યારેક ડૂબવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# વિચાર અને ભાવ ના પરિણામ



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આપણે ઘણી વખત વિચારો એક કરતાં હોઈએ છીએ અને કામ બીજું કરી નાંખતા હોઈએ છીએ. આ વિચાર અને ભાવમાં ભિન્નતા કારણે આવું બને છે. વિચારો સારા હોય પણ ભાવ શુધ્ધના હોય તો ન કરવાનું થઈ જાય છે. માત્ર વિચારોથી સંપૂર્ણ પરિવર્તન સધાતું નથી. સારા વિચારો સાથે સારા ભાવ પણ જોઈએ. ભાવ વગરનું કોઈપણ કામ કરીએ એમાં બરકત આવતી નથી. આમ ભાવ વગરની ભક્તિ પણ નકામી છે. તેમાં પ્રાણ પુરાય નહીં. માટે ભાવ શુધ્ધિ માટે જીવનના દરેક નાના મોટા કામો સારા ભાવ-વિચારથી કરવા જોઈએ. જેમ જેમ જેટલા સારા ભાવો આવશે એટલા ખરાબ ભાવો દૂર થતા રહેશે. આ ધ્યેય આપણા જીવનમાં ઊતરી જાય તો ભાવ શુધ્ધિ થતાં વાર લાગતી નથી.

જો મૈત્રી, કરૂણા, પ્રસન્નતા અને ઉદારતા ભાવો રંગેરગમાં વ્યાપી જાય તો વિરૂધ્ધ અને વિકૃત ગુણ આપો આપ નામ શેષ થઈ જાય. મૈત્રીનો ભાવ આવી જાય તો શત્રુતા, ઘૃણા અને વેરઝેર, કરૂણા આવી જાય તો ક્રુરતા અને હિંસાના ભાવો દૂર થઈ જાય. પ્રસન્નતા આવે તો ઉદાસી, વિષાદ, સંતાપ અને ચિંતા દૂર થઈ જાય અને જો ઉદારતા આવી જાય તો કૃપણતા અને અકૃતજ્ઞાના ભાવો દૂર થઈ જાય. આ ચાર સદ્‌ગુણો આવી જાય તો અનેક અવગુણ અને અભાવ જડમૂળથી હટી જાય છે. આપણા જીવન વ્યવહારમાં દુ:ખ, હતાશા, નિરાશા અને અશાંતિ છે તેના બીજાનું સુખ કે સારું થાય એ જોઈ શકતા નથી એ કારણ છે.

જે વસ્તુમાં વિપરીતમાં છે, દ્વંદ્વમાં છે તે બંન્નેમાં શક્તિ રહેલી છે. સુખ-દુ:ખ, આશા-નિરાશા, પ્રેમ-નફરત, સત્ય-અસત્ય, વેર-મૈત્રી, આ બંન્ને દ્વંદ્વ દળમાં અદ્‌ભૂત તાકાત છે. પરંતુ એકનું સ્વરૂપ વિધાયક અને એકનું સ્વરૂપ નકારાત્મક અને ખંડનાત્મક છે. વિધાયક દ્રષ્ટિ હોય તો કટુતા અને ક્રુરતા રહે નહીં સારું બોલીએ અને સારું કરીએ તો ઘણા દોષોથી બચી શકીએ.

ભગવાન મહાવીર એ કહ્યું છે કે, 'મિતિ મેં સવ્વ ભુએ ષુ વેરં મઝજ ન કેવઈ.' બધા મારા મિત્રો છે, કોઈની સાથે મારે વેર નથી. આ માત્ર વિચાર નથી પરંતુ પ્રગાઢ ભાવ છે. તેમણે અહિંસાને શક્તિ ગણાવીને પ્રેમ અને મૈત્રીનો સંદેશો આપ્યો છે અને સાબિત કરી બતાવ્યું કે આ શક્તિ સામે દુનિયાની કોઈ શક્તિની વિસાત નથી. શુધ્ધ ભાવો અંદર પ્રગટ થાય છે. અશુધ્ધ ભાવો બહારના છે તેને અંદર પ્રવેશવા દેવા જોઈએ નહીં. વિચાર અને નિર્મળ હોય ત્યારે કશું ખરાબ થતું નથી. વિચાર અને મન નિર્મળ હોય તો કશું ખરાબ થતું નથી. કટુભાવ અને પ્રસન્ન ભાવ બંન્ને બહારના ભાવ છે. જે બંને મન પર ન લાવીએ, સમદ્રષ્ટિ કેળવીએ તો કોઈ જાતની પરેશાની રહે નહી.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની પારદર્શક કાર્ય પધ્ધતિને લીધે જ્ઞાતિજનોની કઠિનમાં કઠિન સમસ્યાઓનો નિકાલ તાબડતોબ થઈ જાય છે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના નાનાથી મોટા સૌ પદાધિકારી, કાર્યકર ગણની તત્પરતા જ્ઞાતિજનો પ્રત્યે સેવા ભાવની છે. સમસ્ત મહાજન પાસે કોઈપણ જ્ઞાતિજનની મદદ માટેની અરજી આવે એનો ઉકેલ બનતી ત્વરાએ આવે એ માટે સૌ પ્રયત્નશીલ રહે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અણધારી આફતમાં અચાનક બીમારીથી ગ્રસ્ત થતા જ્ઞાતિજનોની અરજી આવે છે. આ સમય ગાળો એવો કપરો હોય છે કે પરિવાર પોતાના સ્વજનના દર્દ, પીડાને લીધે વ્યથિત હોય છે. એક્ષ્પર્ટ ડૉક્ટરની સલાહ તાત્કાલિક મળે તેનો કારગત ઈલાજ વહેલી તકે શરૂ થાય એવી ફિકર હોય. દવા હોસ્પિટલ બીલ, ડોક્ટરની ફીનું ટેન્શન પણ હોય. તેમાં કેસ પેપર એસ્ટીમેટ ખર્ચનો કુલ્લ સરવાળો કરી સમસ્ત મહાજન પાસે અરજી કરી હોય ત્યારે તેમને એવું હોય કે હવે ચાર-છ દિવસ નીકળી જશે. પણ નહીં અરજી હજારોની હોય કે લાખો રૂપિયાની. આવેલ અરજીનું સ્ક્રીનીંગ યુધ્ધના ધોરણે થાય. જરૂર લાગે ત્યાં એક્ષ્પર્ટની સલાહ-સૂચન પણ લેવાય અને બનતી ત્વરાએ કેસ ક્રાઉડફંડિગ માટે મૂકાય.

આજ દિવસ સુધી ૬૯ સંજીવની કેસો ચપટી વગાડતાની ઝડપે ઉકેલાઈ ગયા છે. તેનો શ્રેય સમસ્ત મહાજનના સર્વે અધિકારીઓની પારદર્શિકતા ભાવના, જ્ઞાતિજનોને મદદરૂપ થવાની લાગણી અને ઉદારદિલ શ્રેષ્ઠીજનો દાતાઓનો અદ્‌ભૂત ટેકો મળી રહેલ છે એ કારણ રૂપ છે. જ્ઞાતિજનને સ્પેશ્યિલિસ્ટ હોસ્પિટલમાં ઉત્તમ અને ઝડપી સારવાર મળી રહે એ ભાવના હોય છે. ઉદાસ જ્ઞાતિજન સ્મિત સાથે સ્વઘરે પરત જાય એ લાગણી હૈયે છે.

એજ રીતે દિવ્યાંગ સમિતિ પાલક યોજના, પણ યોગ્યપણે જ્ઞાતિજનોને પૂરી પડાઈ રહી છે અને તેઓને ઉપયોગી થઈ રહી છે.

પારદર્શિકતા પધ્ધતિને લીધે દાતાઓનો ભરોસો સમસ્ત મહાજન ઉપર કાયમી રહ્યો છે. સાથો સાથ ૮૦જી સર્ટિફિકેટ તથા કોર્પોરેટ સોશ્યિલ રીસ્પોન્સિબલ્ટી માટેની માન્યતા મળી છે એ પણ સગવડ ભરી થઈ રહી છે.

સમસ્ત મહાજનની મક્કમ અને નક્કર નીતિને લીધે જ્ઞાતિજનોને સમર્પિત ભાવથી સેવા અપાય છે એનો સંતોષ છે.

હૈયે ચાહ હોય તો રાહ આપોઆપ જડી રહે છે એ વ્યક્ત કરતી બે પંક્તિઓ

**કદમ અસ્થિર હોય તેને રસ્તો પણ જડતો નથી**
**અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી**

---


## વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

# મન હોય તો માળવે જવાયઃ હેમંત નીતિન ધરમશી



કચ્છ સુથરી-મુલુંડમાં રહેતા ૧૨મું ધોરણ ભણેલા સાથે ૩ વર્ષનો ઈન્ટરિયર ડિઝાઈનર કોર્સ કરેલ **હેમંત નીતિનભાઈ ધરમશી-૭૫૦૬૦૫૯૮૯૬** મસ્જિદ બંદરમાં પ્રતિષ્ઠિત ડ્રાયફ્રૂટની દુકાનમાં જોબ કરવાની સાથે લોકડાઉન પહેલાથી એટલે કે ત્રણેક વર્ષથી પોતાનો ડ્રાયફ્રૂટ, મસાલા સપ્લાયનો વ્યવસાય શરૂ કરેલ છે. સારી નીતિમતા ચોખ્ખો વ્યવહાર સારી સર્વીસથી સારો એવો રિસ્પોન્સ મળ્યો છે અને દિવસો દિવસ ધંધામાં પ્રગતિ થઈ રહી છે જેનો સંતોષ છે. વોટસઅપ તથા સોશ્યલ મીડિયાના માધ્યમથી ગ્રાહકોના સંપર્કમાં રહે છે અને ઓર્ડર પ્રાપ્ત કરે છે. સમયબધ્ધતાથી શુધ્ધ ક્વોલિટીનો સુકા મેવો અને મસાલાની ઘર પહોંચ ડિલેવરી કરી ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે. ભવિષ્યમાં આ વ્યવસાયમાં સારી તકો છે એવું તેમનું માનવું છે. લોકડાઉન સમયે અને ધંધા ઠપ થઈ ગયા હતા ત્યારે ખાદ્ય વસ્તુઓ, મસાલા, ડ્રાયફ્રુટસ વિગેરેનો બિઝનેસ ગતિમાં રહ્યો હતો.



વ્યવસાયમાં સારા-નરસા અનુભવો થતાં રહે છે. જે વ્યવસાયમાં માર્ગદર્શક દિશા આપી જાય છે. અમુક સારા લોકો નાના ધંધાદારીને મદદરૂપ થઈ વેપાર કરી મદદરૂપ થાય છે. તો કેટલાક ગ્રાહકો સસ્તી ચીજોની માંગ કરતા હોય છે તેમને ક્વોલિટીની ફિકર નથી હોતી માત્ર બજારથી સસ્તુ જોઈતુ હોય છે. આવી વિચારધારા ધરાવતા ગ્રાહકો પાસેથી ઓર્ડર મેળવવું મુશ્કેલ થઈ પડે છે. દરેક પરિવારમાં સુકો મેવો એ જનરલી રોજિંદી જરૂરિયાતની વસ્તુ નથી તે છતાં તેની ખપત પરિવારમાં રહ્યા કરતી હોય છે. ઘણા દિવસો ઓર્ડર ન પણ મળે એવા સમયે પરિવારનો સાથ અને હૂંફ ઘણી મદદરૂપ થઈ રહે છે. હિંમત ટકાવી રાખે છે અને આગળ વધવા માટે પ્રેરક બની રહે છે.




લોકડાઉન સમયમાં દુકાન બજારો ઘણા દિવસો સુધી બંધ રહી હતી ત્યારે ગ્રાહકોની જરૂરઆત પૂરી પાડતો, તેમના ચહેરા ઉપર સંતોષ અને હાશનો ભાવ દિલને શકુન આપતો હતો. લોકડાઉનનો કપરો સમય પત્ની તથા પરિવારના સાથથી હેમખેમ પૂરો થઈ શક્યો. જેને કારણે માનસિક શાંતિ મળી રહી હતી.

ભવિષ્યમાં ચાન્સ મળે તો પોતાની ડ્રાયફ્રૂટસ દુકાન કરવી છે. જેથી ગ્રાહકોને અને જ્ઞાતિજનોને વધુ સારી ક્વોલિટીના અને વ્યાજબી દરથી સુકો મેવો અને મસાલા પૂરી પાડી શકું. તે સિવાય ઈન્ટિરીયનું જ્ઞાન વ્યવસાયમાં પલટાય તેમાં આગળ વધવું છે. સંપર્કથી નાના મોટા ઘર ઈન્ટિરિયરના કામ મળે તેમાં પ્રતિભા વિકસાવી છે.

કોઈપણ સંજોગો હોય, ગમે તેવી વિપરીત પરિસ્થિતિ હોય આશા અને હિંમત ન હારવી જોઈએ. માત્ર સો ટકા મહેનત જારી રાખવી જોઈએ. લક્ષ્ય પરથી ધ્યાન ન હટે એ માત્ર જોવું જોઈએ. સફળતા હાથવેંતમાં મળી રહેશે. એવો પ્રેરક સંદેશ તેઓ જ્ઞાતિજનોને આપે છે.

# શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દેવ દ્રવ્ય ફાળવવા બાબત

શ્રી સંઘમાં રહેલ દેવદ્રવ્યની રકમ અચલગચ્છીય સંઘ મહાજનના જે જિનાલયોના જિર્ણોધ્ધાર નિર્માણ ચાલી રહેલ છે, તે સંઘોને ફાળવવી છે. શ્રી સંઘો મહાજનોને વિનંતી કે વિગતવાર માહિતી સાથે આપની અરજી શ્રી સંઘના કાર્યાલયે કરવા વિનંતી. શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વતાંબર જૈન સંઘ, ન્યુ હનુમાન બિલ્ડીંગ, બી/૧૧૦, કેશવજી નાયક રોડ, મુંબઇ-૪૦૦૦૦૯. મો.નં.૯૮૨૦૫૬૫૨૬૧-પ્રવીણભાઇ લોડાયા.

|| યુગાદી આદીશ્વરાય નમો નમઃ ||

શાસનસમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. સંસ્થાપિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વે. જૈન સંઘ

ના ઉપક્રમે

# શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ -ભાંડુપ ના

સહયોગે આયોજિત



## ફાગણ વદ ૮ થી વર્ષીતપ ચાલુ કરનાર તપસ્વીઓ માટે

# વર્ષીતપના ઉચ્ચારણ

## કાર્યક્રમમાં પધારવા તપસ્વીઓને હાર્દિક આમંત્રણ.

**દિવ્યકૃપા :** રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજા
**આજ્ઞા આશિષ :** સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.

**શુભ નિશ્રા :** અચલગચ્છાધિપતિશ્રીના શિષ્ય પ.પૂ. ગણિવર્ય **શ્રી કમલપ્રભસાગરજી** મ.સા.
તથા પ.પૂ. ગણિવર્ય **શ્રી ધર્મપ્રભસાગરજી** મ.સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદ




યુગાદિ દેવ આદિનાથદાદાએ પોતાના ગાઢ અંતરાય કર્મના ક્ષય માટે આત્મશુધ્ધિ માટે આદરેલ મહાતપ એટલે વર્ષીતપ, હાલમાં જે ૧૩ મહિના એકાંતરા ઉપવાસ તરીકે પુણ્યશાળી તપસ્વીઓ આરાધે છે.

આપણા અચલગચ્છ-કચ્છી સમાજમાં તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ના **૫૪-૫૪ વરસીતપથી** પ્રેરણા પામી દર વર્ષે સેંકડો તપસ્વીઓ વરસીતપની આરાધના કરતા આવ્યા છે.

**દેવાધિદેવશ્રી આદિનાથદાદાના જન્મ/દિક્ષા કલ્યાણક ફાગણ વદ ૮ થી વર્ષીતપની વિધિપૂર્વક શરૂઆત કરવા વર્ષીતપ ઉચ્ચારણ માટે આપ અવશ્ય પધારશો.**

**શુભ દિવસ : ફાગણ વદ ૮, શુક્રવાર, તા. ૨૫-૩-૨૦૨૨ ના સવારે ૯.૦૦ કલાકે**

**શુભ સ્થળ : શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ - ભાંડુપ,**
**શક્તિ આર્કેડ બિલ્ડીંગ, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે).**

**તપસ્વીઓ માટે અગત્યની સુચના :** શુધ્ધ વસ્ત્ર પરિધાન, કટાસણું, મુહપત્તિ, ૫-૫ રૂપિયાના બે સિક્કા, બે મુઠ્ઠી ચોખા, એક શ્રીફળ સાથે સમયસર પધારવું.

**વૈશાખ સુદ ૩, શુક્રવાર, તા. ૩-૫-૨૦૨૨ ના સમુહ પારણામાં પારણા કરનાર વરસીતપના તપસ્વીઓને ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦-૩-૨૦૨૨**

લિ. : સમુહ વર્ષીતપ પારણા સમિતિ, કન્વીનર - હરખચંદ ખીમજી ગંગર

કાર્યાલય : ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદનો સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ૨૦૨૨નું સાદર નિમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના ૫૦ વર્ષ પ્રસંગે સુવર્ણ વર્ષ સન્માનોત્સવ ૨૦૨૨ તા.૩ એપ્રિલ રવિવાર બપોરે ૨ થી ૫ દરમ્યાન આયોજિત કરાયેલ છે.




આ સમારોહ પ્રવીણભાઈ હંસરાજ લોડાયા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના પ્રમુખ સ્થાને તથા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ નયનભાઈ અશોક ભેદા, શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના મે.ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશી, શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના મે.ટ્રસ્ટી ચંદ્રેશભાઈ વીરચંદ છેડા તથા શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના સેક્રેટરી નીશિથભાઈ આણંદજી દંડ અતિથિ વિશેષ તરીકે અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપપ્રમુખ કુમારભાઈ બાબુભાઈ દંડ, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના સેક્રેટરી ચેતનભાઈ મેઘજી મોતા, શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવના પ્રમુખ શામજીભાઈ નરશી દંડ, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ અધ્યક્ષ જયેશભાઈ ભાગચંદ જૈન, શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુંબઈના ઉપાધ્યક્ષ ગોવિંદજીભાઈ લાલજી પટેલ અને શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપરના ટ્રસ્ટી જયંતભાઈ વિશનજી છેડા મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

આ સમારોહમાં પધારવાનું ભાવપૂર્વક નિમંત્રણ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદના પ્રમુખ જીતેન્દ્રભાઈ દેવજી ખોના, મેનેજીંગ ટ્રસ્ટી ગુલાબભાઈ ધનજી દંડ તથા સેક્રેટરી રાજેશભાઈ ધરમશી દ્વારા અપાયું છે.

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટની ૩૨મી સમૂહ પહેડીનું મુલુંડ મધ્યે આયોજન



ચૈત્ર સુદ ૧ ગુડી પડવાના દિને તા.૨ એપ્રિલ શનિવારના સાંજના ૪ કલાકથી શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા ૩૨મી સમૂહ પહેડી રાખવામાં આવેલ છે, ગર્વમેન્ટની ગાઈડ લાઈન્સ અને નિયમોને આધિન આ વર્ષે ફક્ત દડિયા પ્રસાદ રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકોએ દર્શન સાથે દડિયા પ્રસાદનો લાભ લેવા અવશ્ય પધારવું.

સમૂહ પેડીમાં હજી ત્રણ ભાગ્યશાળી પરિવારના નામ આવકાર્ય છે. સંપર્ક કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮.

દાદાના મૂળ સ્થાનક લાલપુરમાં ધ્વજા મહોત્સવનું આયોજન તા.૧૪ એપ્રિલથી તા.૧૬ એપ્રિલના રોજ કરેલ છે. આ મહોત્સવ પ્રસંગે ધન્ય લાભ લેવા ભાવિકોને લાલપુર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

# માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગનું ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ યોજાયો





તા.૧૩ માર્ચ રવિવારના માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા મહિલા ગૃહઉદ્યોગની ૨૫ બહેનો મેનેજીંગ ટ્રસ્ટી વિરેન્દ્ર ભવાનજી લોડાયા અને ખજાનચી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા સાથે સવારે ૬.૩૦ કલાકે ડોંબિવલી ઈસ્ટના શ્રી સુવિધિનાથ જિનાલયથી જય બોલાવી યાત્રા માટે પ્રસ્થાન કરેલ.

સૌ પ્રથમ પનવેલ જિનાલયે દર્શન ચૈત્યવંદન, આરતી કરેલ. ત્યારબાદ ત્યાં નવકારશી કરેલ. ત્યાંના સ્થાનિક હીરાચંદ ગોવિંદજી નાગડા નલિયા રૂા.૨૦નું સંઘ પૂજન કરેલ. તેમના દ્વારા વિરેન્દ્રભાઈ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. ત્યાંથી અંતાક્ષરી અને સ્તવનો ગાતા વચ્ચે આવતા જહાજ મંદિરના દર્શનાર્થે પહોંચેલ. મંદિરનું આકાર નયન રમ્ય જહાજ જેવું છે જેના મૂળનાયક પ્રભુ મુનિસુવ્રત સ્વામી છે.



અત્રેથી એક કલાકના અંતરે આવેલ સુંદર પ્રકૃતિની ગોદમાં વસેલ પોટનેર ગામે પહોંચેલ. મૂળ નાયક તરીકે પ્રભુ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા ખૂબ જ સુંદર અને નયન રમ્ય છે. ત્યાં પૂજા અને ચૈત્યવંદન કરેલ ત્યાં બપોરનું ભોજન સૌએ કરેલ.

ત્યાંથી રોહા તીર્થના દર્શનાર્થે પહોંચેલ. અત્રે મૂળનાયક પ્રભુ શ્રી શાંતિનાથજીનું કાંચનું સુંદર દેરાસર છે. ત્યાંજ શ્રી કુંથુનાથ પ્રભુનું સુંદર દેરાસરના પણ દર્શન કરેલ. પછી ત્યાંથી અલીબાગ પહોંચેલ. ૧.૩૦ કલાક જેટલો ટાઈમ રહેતા ત્યાં બીચનો પણ આનંદ માણેલ. બીચ ઉપર ઘોડા ગાડીની સવારી સાથે બીચના કિનારાનો આનંદ માણેલ ત્યાં બીચ ઉપર ફોટોગ્રાફી કરેલ ત્યાંથી દેરાસરે દર્શનાર્થે ગયેલ. અલીબાગમાં પ્રભુ નેમિનાથ સ્વામીનું નયન રમ્ય સુંદર દેરાસરના ભાવપૂર્વક દર્શન કરેલ. તેમજ આરતીનો પણ લાભ મળેલ. ચૌવિહાર વ્યવસ્થા ત્યાં જ થયેલ હતી. જેનો લાભ લીધો હતો.

રૂા.૧૧૦નું સંઘપૂજન ગૃહઉદ્યોગના મેનેજીંગ ટ્રસ્ટી વિરેન્દ્ર ભવાનજી લોડાયા, ખજાનચી ભૂપેન્દ્રભાઈ, ચેતનભાઈ અને કમળાબેન એ કરેલ. લગભગ રાત્રે ૧૦ કલાકે પરત ડોંબિવલી આવી પહોંચેલ.

ગૃહઉદ્યોગના સૌ બહેનો આ ચૈત્યપરિપાટી યાત્રાથી આનંદિત થઈ. વહેલી તકે જલ્દીથી બીજી યાત્રાનું આયોજન થાય એ માટેના સૂચનો પણ આપ્યા.

સમગ્ર યાત્રા પ્રવાસના કાર્યક્રમની વ્યવસ્થા આયોજન ખૂબ સુંદર રીતે કરાઈ હતી.

॥ યુગાદી દેવ આદીશ્વરાય નમો નમઃ ॥

શાસનસમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સંસ્થાપિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

જિનશાસન શિરોમણી, તપચક ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

આજ્ઞા-નિશ્રા : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

## કચ્છની પાવન ધરાએ...૭૨ જિનાલય મહાતીર્થે...
## અચલગચ્છાધિપતિશ્રીના દ્વારા ગચ્છના વરીષ્ઠ મુનિવરોને પદવી પ્રદાન...

**શુભ દિન : વૈશાખ સુદ ૬, શુક્રવાર, તા. ૬-૫-૨૨ ના સવારે ૯.૦૦ કલાકે**

## આનંદના ઓવારણાનો અણમોલ અવસર

- ૪૭-૪૭ વર્ષના સંયમજીવન સાથે ઉમદા વિચારો અને પ્રવચન-લેખન-ચિંતન-જ્ઞાન-ધ્યાન-સંસ્કાર શિબિરોના માધ્યમે અવિરત પુરૂષાર્થશીલ એવા પ.પૂ.મુનિ શ્રી મહાભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય...
  પ.પૂ. મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. ને ગણિવર્ય એવમ્ ઉપાધ્યાય પદ
- ૪૬-૪૬ વર્ષના સંયમજીવન સાથે વૈયાવચ્ચના ગુણને આત્મસાત કરનાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના પ્રથમ શિષ્ય પ.પૂ.મુનિ શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. ને પ્રવર્તક પદ
- ૪૩-૪૩ વર્ષનું જેમનું નિર્મલ સંયમજીવન છે એવા પ.પૂ.મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. ના શિષ્ય પ.પૂ.મુનિ શ્રી મલયસાગરજી મ.સા. ને પ્રવર્તક પદ

પૂ. મુનિવરોને ગણિવર્ય - ઉપાધ્યાયપદ તથા પ્રવર્તક પદે વિભૂષિત કરાઈ રહ્યા છે.
ત્યારે સકલશ્રી સંઘ મંગલકામના સહ એ અવસરને
અંતરના ઓવારણા લઈ વધાવીએ... પ્રસંગમાં સાક્ષી બની, ધન્યતાને માણીએ!

**સંપૂર્ણ પ્રસંગ શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય મહાતીર્થ ટ્રસ્ટના સહયોગે ઉજવાશે.**

લિ. માનદ્ મંત્રીઓ

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની સર્વે સંઘો-મહાજન અને ટ્રસ્ટ અધિકારીઓને ભલામણ

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વતાંબર જૈન સંઘના સૌ કારોબારી પદાધિકારીઓએ તા.૧૭ માર્ચ ૨૦૨૨ના દેશભરના અચલગચ્છીય સંઘો, મહાજનોના ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સૌ સભ્યો જોગ પત્ર લખીને જિનશાનની વર્તમાન પરિસ્થિતિ સંજોગોને અનુલક્ષી સવિનય જાણ કરી છે કે, 'અચલગચ્છની એક ઉજ્જવળ પરંપરા રહી છે કે અચલગચ્છના પૂર્વાચાર્યો પ્રાય: ક્યારે પણ વાદવિવાદ કે ખંડનાત્મક પ્રવૃત્તિઓથી દૂર રહી જિનશાસનની એકતાના આગ્રહી રહ્યાં છે જેનાથી સૌ સુવિદિત છીએ.'




વર્તમાન સંદર્ભે કેટલાક વર્ષો પૂર્વેના એક અનુભવને યાદ કરી દોહરાવીએ રાષ્ટ્રસંત શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.એ અત્યંત ઉદારતાપૂર્વક જણાવેલ કે વિહાર ક્રમ દરમ્યાન આપણા સંઘ ઉપાશ્રયમાં અન્ય ગચ્છ, સંપ્રદાય વિભિન્ન સમુદાયના પંચ મહાવ્રતધારી સાધુ-સાધ્વીજી ભગવંતો પધારે ત્યારે તેમની ઉદારતા ભાવ સાથે આદરતાપૂર્વક ભક્તિ અને ઉચિત વૈયાવચ્ચ વ્યવસ્થા કરવી તેમજ પૂજ્યશ્રી સંઘ એકતાના હમેંશા આગ્રહી હતા.

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. પણ વર્તમાન જેવા પ્રશ્નો ઉદ્ભવતા તેમણે પણ પૂજ્યશ્રીની શાસન સમર્પિત ઉદાર ઐક્યની નીતિ રીતિ મુજબ અનુસરવા આપણા સૌ સંઘોને આદેશ આપેલ.

વર્તમાનમાં સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. પણ પોતાના પુરોગામી પૂજ્યશ્રીઓના પગલે સકલ શ્રી સંઘોને પોતાના નીતિ નિયમો અને અનુકુળતા મુજબ પરંપરાએ સર્વગચ્છીય મહાત્માઓને બહુમાનપૂર્વક ઉતારો, વૈયાવચ્ચ આદરપૂર્વક કરી ઔચિત્ય પાલન કરવાની વાત લક્ષમાં લેવા સૂચન કરેલ છે.

ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘોને મધ્યવર્તીય કેન્દ્રીય માતૃસંસ્થા એટલે શ્રી અખિલભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીને આજ્ઞાને શિરોધાર્થ કરી આપણી મહાન પરંપરાને અખંડ રાખવા જિનશાસનના કોઈપણ ગચ્છ સંપ્રદાયના પંચ મહાવ્રતધારી શ્રમણ શ્રમણી ભગવંતોને આપણા સંઘમાં વિહારક્રમમાં પધારે તો બહુમાન પૂર્વક વૈયાવચ્ચ કરી ધન્ય બનવું. એજ આપ સૌને ભલામણ કરીએ છીએ. આપના સાથ સહકારની અપેક્ષા સહ લિખિતંગ રતનલાલ દેવીચંદજી વડેરા પ્રમુખશ્રી, હેમચંદ મુરજી ગડા અને ચીમન મેઘજી મોતા ઉપપ્રમુખશ્રીઓ તથા વિનોદ ખીમજી ગંગર, પ્રવીણ ટોકરશી લોડાયા, મિશ્રીમલ આસુલાલજી શ્રીશ્રીમાલ અને જયંતકુમાર ચીમનલાલ સંઘવી માનદમંત્રીશ્રીઓ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટીમાં સભ્ય તરીકે પ્રબોધ મુનવરની નિયુક્તિ કરાઈ

ડિવિઝન કોમર્શિયલ મેનેજર, ડી.આર.એમ.ઓફિસ વેસ્ટર્ન રેલ્વે અમદાવાદ દ્વારા રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસોસિએશન ભુજના મંત્રી, માનવ જ્યોત કચ્છના પ્રમુખ તથા શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનના ટ્રસ્ટી પ્રબોધ હીરાચંદ મુનવર કોઠારા-ભુજની ડિવિઝનલ રેલ યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી (ડી.આર.યુ.સી.સી.)ના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.આ અગાઉ પ્રબોધ મુનવર સતત બાર વર્ષ સુધી ભુજ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં રહી ચૂક્યાં છે અને ભુજ તેમજ કચ્છને લગતા રેલ્વે પ્રશ્નોની ઉચ્ચકક્ષાએ સતત રજૂઆતો કરતાં રહ્યાં છે.



# શ્રી ઘાટકોપર કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં કમિટીમાં વરણી કરાઈ



શ્રી ઘાટકોપર કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં ઉપપ્રમુખ તરીકે જયેન્દ્ર ઉમરશી ભેદા વારાપધ્ધર અને કો.ઓપ્ટ સભ્ય તરીકે મયૂરભાઈ મોતીલાલ લોડાયાની નવી ટર્મ વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ માટે નિયુક્તિ કરાઈ છે. આ પદ પ્રાપ્તિ માટે હાર્દિક અભિનંદન.



# પ.પૂ.ગણિવર્યો મ.સા. આદિ ઠાણા ૪ની શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદરમાં સ્થિરતા છે

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૪ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના શિરમોર સ્થાન સમાન મુંબઈના ૧૮૮ વર્ષના પ્રાચીન જિનાલય તીર્થ શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદરમાં બિરાજમાન છે. પૂજ્ય શ્રી સાહેબોની અહીં થોડા દિવસોની સ્થિરતા રહેશે. દર્શન, વંદન, વ્યાખ્યાન વાણીનો લાભ લેશો.

# ખામગામના હર્ષા મનોજ નાગડાને ખેલ જગતમાં ઉલ્લેખનીય યોગદાન બદલ સન્માનિત કરાયા

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ખેલ જગતમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર ૧૧ મહિલાઓને તેમના કાર્યની પ્રશંસા રૂપે સન્માનિત કરાયા. સૌ. હર્ષા મનોજ નાગડા ખામગામ ચેસ રમતમાં પ્રદાન બદલ સન્માન ચિન્હ અને શાલ ઓઢાડી સન્માનિત કરાયા. બુલદાણા જિલ્લાની કુલ્લ ૧૧ મહિલાઓનું વિશ્વ મહિલા દિન અવસરે આ સન્માન માટે ચયન કરાયું હતું.



ખામગામ કેડીઓ જૈન સમાજમાંથી તેઓ પ્રથમ મહિલા છે જેમને સન્માનિત કરાયા છે.

# વર્ધમાન તપોનિધિ પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા.ની પાલખી યાત્રા તથા ગુણાનુવાદ સભાની વીડિયો ઝાંખી



૧૦૦મી આયંબિલ ઓળીની તપસ્યા કરતા વર્ધમાન તપોનિધિ તપસ્વી પ.પૂ.મુનિરાજ શ્રી હ્રીંકારસાગરજી મ.સા. ચીંચબંદર સ્થિત ક.વી.ઓ.જૈન મહાજનવાડીના ઉપાશ્રયમાં ૬૦મી આયંબિલ ઓળીની દિને તા.૧૦ માર્ચ ગુરૂવારના શાતાપૂર્વક મોક્ષ ગામી થયા.

પૂજ્ય સાહેબની પાલખી યાત્રા તા.૧૧ માર્ચ શુક્રવારના બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓની સજળ નયને ઉપસ્થિતિમાં નીકળી. આ અવસરે સૌએ આખરી વંદના કરી વિદાયમાન આપ્યું.

સાહેબના માનાર્થે ગુણાનુવાદ સભા તા.૧૨ માર્ચ શનિવારના દિને બપોરે ૨ કલાકે શ્રી કવીઓ દેરાવાસી જૈન મહાજનવાડી ચીંચબંદર મધ્યે પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ તથા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી શ્રમણ, શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં હેમચંદ મૂળજી ગડા નાના રતાડિયાના પ્રમુખ સ્થાને થઈ હતી.

આ બંન્ને દિવસનો ૩.૨૩ કલાકનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/BQeYyqAFD6o પર ક્લિક કરી નિહાળી શકાશે અને ઘરબેઠા તપોરત્ન મુનિશ્રીના અંતિમ દર્શન વંદના કરી શકશો.

# શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદરમાં જ્ઞાનવર્ધક શંત્રુજય ભાવયાત્રા સંપન્ન થઈ




પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ચતુર્વિધ સંઘની સાથે તા.૧૫ માર્ચ મંગળવાર રોજે ૧૮૮ વર્ષના પ્રાચીન શ્રી અનંતનાથ તીર્થ જિનાલય ખારેક બજાર મસ્જિદ બંદર મધ્યે શંત્રુજ્ય ભાવયાત્રા ધર્મ ભાવનો ધન્ય લાભ સાથે સંપન્ન થઈ.

આ યાત્રામાં તળેટી પર ધ્યાન સાધનાનું રહસ્ય, બાબુના મંદિરના નિર્માણનો ઈતિહાસ, સરસ્વતી શક્તિ પીઠના સ્થાનનો મહિમા, નવટુંકની વિશેષતા હિંગલાજ દેવીની ઘટના, રાયણવૃક્ષનો મહિમા, પુંડરિક સ્વામીજીના સ્તવન 'એક દિન પુંડરિક ગણધર રે લાલ મેં આવી હું' પંક્તિ, ૧૦-૨૦-૩૦-૪૦ ભલો રે લાલ. ૫૦ પુષ્પની માળ અતિ સારી રેં આ પંક્તિનો ઉચિત અને યોગ્ય અર્થ એની વાતો, શ્રી આદિનાથ દાદાની ભવિષ્યમાં આવનારી ૫૦૦મી ધ્વજાનો શુભ સંકલ્પ, છ ગાઉ યાત્રા માર્ગની વિશેષતાઓ આદિ અનેક જ્ઞાનવર્ધક અને શાસ્ત્રોક્ત જાણકારી સમજણ સાથે સમૃધ્ધ ભાવયાત્રા થઈ. આ ભાવ યાત્રાનો પુણ્ય લાભ મસ્જિદ બંદર, ભાત બજાર, ચીંચબંદર, ડોંગરી, મજગામ એવમ દક્ષિણ મુંબઈના અનેક સ્થાનોથી ભાવિક શ્રધ્ધાળુઓ પધારયા હતા તેઓએ લીધો હતો. ત્રાભાતેનો લાભ શ્રી ક.દ.ઓ.જૈન સંઘ મસ્જિદ બંદરએ લીધો હતો.

# ભાંડુપ સંઘમાં ફાગણ સુદ તેરસની ભાવાયાત્રા ભવ્ય ભાવથી થઈ





તા.૧૫ માર્ચ મંગળવારના દિને ફાગણ સુદી તેરસના શુભ દિવસે પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવન નિશ્રામાં ભાંડુપ નગરે ૨૦૦ થીવધારે અને ૩૬૨૫ થી અધિક જણ યુટ્યૂબના માધ્યમથી શંત્રુજય ભાવયાત્રા કરી ધન્ય થયા. આ યાત્રાનો યુટ્યૂબ વીડિયો ૧.૪૯ કલાકનો https://youtu.be/O_xn16liqCc પર જોઈ માણી ઘરબેઠા લાભ લઈ શકાશે.





# આચાર્ય વિમલસાગરસૂરિશ્વરજી મ.સા. તિરૂપુરથી કષ્ટપૂર્ણ વિહારનો પ્રારંભ કર્યો

પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા. તિરૂપુરથી ત્રિચીનગર માટે વિહાર પ્રારંભ કર્યો. આ અંતર લગભગ ૧૭૫ કિ.મી.નો છે. આ અંતર દૂરી દરમ્યાન કોઈ જૈન પરિવાર રહેતા નથી. સિવાય ૪૭ કિ.મી. પર વેલકોઈલમાં ૧ જૈન પરિવાર રહે છે. વિહાર સેવા ગ્રુપના સભ્યો સાથે તિરૂપુર સંઘના ટ્રસ્ટી પ્રતાપ હંસરાજ નાગડા વેલકોઈલ સુધી જોડાઈ વ્યવસ્થા સંભાળી હતી. રોજ ટીમ મેમ્બર વિહારમાં જોડાતા હતા. વિહાર સેવા ગ્રુપના સભ્યોની આ સેવા માટે અઢળક અનુમોદના.



# શ્રી સુથરી જૈન સંઘ પેઢીના સંપર્ક માટેના નવા ફોન નંબર વિષે માહિતી

શ્રી સોનથરી મહાજન દ્વારા સર્વે જ્ઞાતિજનો તથા સંબંધિત સૌને જણાવાયું છે કે સુથરી પેઢીની બીએસએનએલ વિભાગની ટેલિફોન સેવા ઘણા સમયથી બંધ રહેલ છે અને આગામી સમય દરમ્યાન ચાલુ થાય એવી પણ કોઈ શક્યતા જણાતી નથી. જેથી કરીને હવે દરેક સંસ્થાને મોબાઈલ નેટવર્ક સાથે જોડાણ કરી સુવિધા કરેલ છે. જેને લીધે સુવિધાપૂર્વક સંપર્ક કરી શકાશે. જે માટે સૌએ નવા નંબર નોંધી લેવા અને હવેથી આ જ નંબર પર સંપર્ક કરવો.

સુથરી દેરાસરજી પેઢી-૯૭૧૪૨૮૪૨૨૩, સુથરી ભોજનશાળા મહાજન-૯૯૨૪૭૮૪૨૫૫, સુથરી પાંજરાપોળ ઓફિસ-૯૫૭૪૦૮૪૨૫૬.

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## શ્રી ભલારાદાદાની ૩૨મી સમુહ પહેડી

**ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા શનિવાર તા.૨-૪-૨૦૨૨ના સાંજના ૪ કલાકથી**

**કાલીદાસ મેરેજ હૉલ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦ ખાતે રાખેલ છે.**

## આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને ભાવપૂર્વક પધારવા આમંત્રણ

**૩૨મી સમુહ પહેડી ગર્વનમેન્ટની ગાઈડ અને નિયમો પ્રમાણે રાખવામાં આવેલ છે.**

**સર્વ ભાવિકોએ ફક્ત દર્શનનો લાભ મળશે.**

## આ વર્ષે ફક્ત દડિયા પ્રસાદ રહેશે.

**લાલપુર સ્થાનકે થઈ ગયેલ નવા અધ્યતન કોમ્પલેક્ષમાં નિર્માણ કાર્યમાં સહભાગી થનાર લાભાર્થી પરિવારના ટ્રસ્ટ દ્વારા વિવિધ યોજનાના લકી ડ્રો આ પહેડીમાં કાઢવામાં આવશે**

**હજી પણ કોઈ આ સ્કીમમાં સહભાગી થવા માંગતુ હોય**
**તો તેઓ રૂા.30,000 બુધવાર તા.30 માર્ચ ૨૦૨૨**
**પહેલા રૂપિયા મોકલી આપશે**
**તો તેનું નામ આ લીસ્ટમાં સામેલ કરવામાં આવશે**

### લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના
તા.૧૪,૧૫ અને ૧૬ એપ્રિલ ૨૦૨૨ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**સંપર્ક : કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# ચાલીસગામમાં કાયમી આયંબિલ વ્યવસ્થા શરૂ કરવામાં આવી

જૈન ધર્મમાં જપ, તપ અને આરાધનાનું એક અનોખું મહત્વ છે. શ્રાવકે યથાશક્તિ પ્રમાણે ધર્મ આરાધના કરવી જોઈએ પછી તે જપ દ્વારા કરે કે તપ દ્વારા કરે પણ શ્રાવકનું એ કર્તવ્ય છે કે તેણે કોઈપણ આરાધના કરવી જોઈએ. વર્તમાન સમયમાં શ્રાવકોની તપ કરવાની પ્રબળ ઈચ્છા હોય છે પણ તેમને યથાયોગ્ય સગવડતા ન હોવાથી તેઓ તપ નથી કરી શકતા તે વાતને ધ્યાનમાં લઈ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામમાં કાયમી આયંબિલ આરાધના શરૂ કરવામાં આવેલ છે.




આ એક ભગીરથ કાર્યને પહોંચી વળવા માટે સંઘ એ એક એવી વ્યવસ્થા કરી છે કે જેમાં નાનામાં નાનો શ્રાવક પણ લાભ લઈ શકે એ વ્યવસ્થા એવી છે કે જેમાં એક દિવસનો નકરો રૂા.૫૦૦ રાખવામાં આવેલ છે જેમાં કોઈપણ શ્રાવક જોડાઈ શકે છે અને જેમને આ લાભ ૧૦ વર્ષ માટે જોઈતો હોય તેમના માટે રૂા.૫૦૦૦/- રાખવામાં આવેલ છે.

જે ભાઈ-બહેનોને આયંબિલ નકરાનો લાભ લેવું હોય તેઓએ શ્રી ચાલીસગામ સંઘના પેઢી પર પોતાનું નામ લખાવે સંપર્ક : પ્રમુખ શાહ ધનપતિભાઈ શિવજી રતાણી-૯૪૨૧૫૧૨૪૭૦, માનદ્‌મંત્રી શાહ અજયભાઈ મણિકાંત પોલડીયા-૯૧૭૫૦૩૮૦૨૯ તથા પેઢી મેતાજી હેમંત ગુલાબભાઈ નાગડા-૭૭૫૭૦૦૮૦૮૨

# શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુર મધ્યે ફાગુન ફેરી ભવ્ય ઉત્સાહ સાથે થઈ

તા.૧૬ માર્ચ બુધવારના દિને શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુર મધે સુવિધિનાથ મહિલા મંડળની બહેનો દ્વારા ફાગુન ફેરીની ભાવ યાત્રા ભવ્ય ઉત્સાહભાવ સાથે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન યોજાઈ. પાલ કાઉન્ટરમાં સેવ-બુંદીના ભાતાની વ્યવસ્થા પુષ્પાબેન નાગડા, મીનાબેન કાનુગા, આશા રાંકા તરફથી તથા વિવિધ પ્રકારના ફ્રુટના કાઉન્ટર ઉપર કલિંગર, કેળા, દ્રાક્ષ, શેરડીના રસ વિગેરેની વ્યવસ્થા બહેનો દ્વારા કરાઈ હતી. સૌની સામુહિક પ્રભાવના રૂા.૫૦ની કરાઈ હતી.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા ચાર્તુમાસ બાબતે મહત્વની જાહેરાત

છેલ્લાં થોડાક દિવસથી અલગ અલગ વોટસએપ ગ્રુપોમાં અચલગચ્છીય સાધુ-સાધ્વીજી ભગવંતોના ચાર્તુમાસ બાબતના વિવિધ પ્રકારના વોટસએપ મેસેજ ફરી રહ્યાં છે. તે બાબતે સતાવાર રીતે જણાવવાનું કે અચલગચ્છાધિપતિશ્રી એ ગચ્છની પરંપરા મુજબ હજી સુધી કોઈ ચાર્તુમાસની આજ્ઞા આપી નથી. આવા સર્ક્યુલેટ થતા વોટસએપ પર વિશ્વાસ કરો નહીં તેમજ આવા આવતા વોટસએપ મેસેજ આગળ કોઈને ફોરવર્ડ કરવા નહીં. એ વિનંતી સંઘશ્રીના માનદ્‌મંત્રીઓ દ્વારા સકળ સંઘને કરાઈ છે.

# શત્રુંજયતીર્થ ધરાએ બાલ સાધ્વી પૂ.રત્નનિધિશ્રીજી મ.સા.ની વડી દીક્ષા પ્રદાન કરાશે



તા.૩૦ માર્ચ બુધવાર ફાગણ વદ ૧૩ વિક્રમ સંવત ૨૦૭૮ના શુભદિને શ્રી શત્રુંજય મહાતીર્થની પરમપવન ધરાપર બાલસાધ્વી પૂ.શ્રી રત્નનિધિશ્રીજી મ.સા.ને અજોડ શાસન પ્રભાવક સળંગ ૨૧મા વર્ષીતપારાધક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના મુખ કમલ દ્વારા પંચમહાવ્રત વડી દીક્ષા પ્રદાનોત્સવ કરવામાં આવશે.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબનો કચ્છ પ્રવેશે આગામી વિહાર કાર્યક્રમ



તા.૧૮ માર્ચ શુક્રવાર ધુળેટી પર્વના મહામંગલકારી પાવન દિવસ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનો મુંબઈથી વડોદરા, શંખેશ્વર, પાલીતાણા, રાજકોટ, મોરબી થઈ કચ્છ પ્રદેશની ભૂમિએ પ્રવેશ કરેલ છે.

તા.૧૯ માર્ચ શનિવાર ફાગણ વદ બીજ ભચાઉ, તા.૨૦ માર્ચ રવિવાર ફાગણ વદ ત્રીજ ફ્રિડમ પંપ, સાંજે તા.૨૧ માર્ચ સોમવાર ફાગણ વદ ૪ ગાંધીધામ, સાંજે આદિપુર, તા.૨૨ માર્ચ મંગળવાર ફાગણ વદ ૫ ભદ્રેશ્વર તીર્થ, તા.૨૩ માર્ચ બુધવાર ફાગણ વદ ૬ ગુંદાલા, તા.૨૪ માર્ચ ગુરૂવાર ફાગણ વદ ૭ ભુજપુર, તા.૨૫ માર્ચ શુક્રવાર ફાગણ વદ ૮ બિદડા. અત્રે વર્ષીતપ ઉચ્ચારણ વિધિ કરાવવામા આવશે. સાંજે ૭૨ જિનાલય તીર્થ, તા.૨૬ માર્ચ શનિવાર ફાગણ વદ ૯ થી ફાગણ વદ ૧૩ તા.૩૦ માર્ચ બુધવાર માંડવી, મુમુક્ષુ કરિશ્માબેન બોહરા બાડમેરનો દીક્ષા મહોત્સવ. તા.૩૧ માર્ચ ગુરૂવાર ફાગણ વદ ૧૪ થી તા.૬ એપ્રિલ બુધવાર ચૈત્ર સુદ ૫, તા. ૭ એપ્રિલ ગુરૂવાર ચૈત્ર સુદ ૬ ૭૨ જિનાલય તીર્થે મૌન શિબિર, તા. ૮ એપ્રિલ શુક્રવાર ચૈત્ર સુદ ૭ થી તા.૧૭ એપ્રિલ રવિવાર ચૈત્ર વદ ૧ દેઢિયા. દેઢિયા સમેત શિખરાવતાર શ્રી ગુણ પાર્શ્વનાથ જૈન તીર્થ મધ્યે આયંબિલ ઓળી નિશ્રા પ્રદાન. (દેઢિયા તીર્થ સંપર્ક હરખચંદભાઈ છેડા-૯૬૮૭૨૪૫૫૫૨, કેવલ સાવલા-૯૯૨૪૯૧૧૭૮૫) અજય-૮૬૯૦૦૮૮૦૩૮, રણછોડ-૮૩૬૯૩૮૦૬૯૦

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હરીશ મૈશેરી**
તા.૧૩ માર્ચ (ઉ.૭૨)
કુવાપધર-અહમદનગર



**રંજનબેન ધરમશી**
તા.૧૫ માર્ચ (ઉ.૬૯)
સેવક ભરૂડીયા-ડોંબિવલી



**લક્ષ્મીબેન હેફા**
તા.૧૫ માર્ચ (ઉ.૭૫)
જખૌ-નવી મુંબઈ



**સોમચંદ મોમાયા**
તા.૧૫ માર્ચ (ઉ.૬૧)
મોટી સીંધોડી-સીરસી



**સુશીલા ધરમશી**
તા.૧૬ માર્ચ (ઉ.૮૫)
બાયઠ-અંતરજાર



**અનિલ દંડ**
તા.૧૮ માર્ચ (ઉ.૭૩)
સેવક ભરૂડીયા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**





# વતનજી વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આદિપુર નજીક શિણાય ગામમાં સેન્ટ ઝેવિયર્સ શાળામાં નર્સરીમાં અભ્યાસ કરતા બાળક નિવાન સમીપ કેવલરામાણી એ ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડર્સ દ્વારા આયોજિત ઓનલાઈન સ્પર્ધામાં ત્રણ વર્ષ પાંચ માસ અને દસ દિવસની ઉંમરે હનુમાન ચાલીસાનું પઠન કરી એક નવો જ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. નિવાનના પિતાનો એસ.એન.મરિન સર્વિસ નામે વ્યવસાય છે. નિવાનને તેના માતા મધુબેને હનુમાન ચાલીસાના પઠનની તાલીમ આપી હતી.

● આદિપુરમાં શહીદ હેમુ કાલાણીના શહાદત નિમિત્તે વિવિધ સંસ્થાઓ દ્વારા તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. શહીદ હેમુ કાલાણી પ્રતિમા પાસે હેલ્પ પેજ મિશન, દુઃખ ભજન દરબાર, રાષ્ટ્રીય સિંધી સમાજ, માનવતા ગ્રુપ દ્વારા ફૂલાહાર કરી બે મિનિટનું મૌન પાળીને અંજલિ અપાઈ હતી. આ પ્રસંગે સિંધી સમાજના અગ્રણીઓએ જે જે શહેરમાં સિંધી સમાજની વસ્તી છે તે સ્થળોએ ૧૯ વર્ષની વયે દેશ માટે બલિદાન આપના શહીદ હેમુ કાલાણીની પ્રતિમા સ્થાપિત કરવા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

● મૂળ ભુજના નિખિલ ધરમશીભાઈ મહેશ્વરીએ તાજેતરમાં ચાઈનાની બોર્ડર પર હિમાચલ પ્રદેશના કાઝા કી મઠ ખાતે માઈનસ આઠ ડિગ્રી ઠંડીમાં બરફની શિલાપર બેસી લામાઓ સાથે ધ્યાન ધર્યું હતું. ભુજમાં જન્મ અને વડોદરમાં એજ્યુકેશન લીધેલ નિખિલ મહેશ્વરી મેન કોર્નર લિખિત પુસ્તક સિક્રેટ ઓફ લામાસ પુસ્તક વાંચ્યું તેનાથી પ્રેરાઈ ૯૭.૯૮ની સાલમાં લામાઓના સાધના સ્થળ એવા કીમઠમાં કુમઝુમ પાસની પાછળની ગુફાઓમાં મૃત્યુની સાધના શરૂ કરી અને દર પાંચ વર્ષે માઘ મહિનામાં ઉપરોક્ત સ્થળે જઈ તૂમો ધ્યાન કરે છે. અત્રે દિવસે માઈનસ ત્રણ, જ્યારે રાત્રે માઈનસ આઠ ડિગ્રી ઠંડી રહે છે. જેમાં લામાઓ બરફ પર બેસી ધ્યાનના બળે પરસેવો પાડી બરફ ઓગળાવે છે. ધ્યાનનું સત્ર રાત્રે ૧૧ વાગ્યાથી વહેલી સવારે ચાર વાગ્યા સુધીનું રહે છે.

● રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક દિને દિલ્હી લાલ કિલ્લા ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડ અગાઉ સાંસ્કૃતિક મંત્રાલય તથા સંરક્ષણ મંત્રાલયે વંદે માતરમ નૃત્ય મહોત્સવમાં કલાકારો ભાગ લીધો જેમાંથી ૪૮૦ કલાકારો ત્રણ ગ્રુપમાં પસંદ થયા હતા. લોકનૃત્ય શૈલીમાં સમગ્ર રાજ્યમાંથી ગાંધીધામની માર્ગમ એકેડેમીના ૧૨ કલાકારો ધારા શાહના માર્ગદર્શન હેઠળ પરેડમાં પ્રસ્તુતિ કરી લોકોના મન જીતી લીધા હતા. કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ આ કલાકારોને ખૂબજ પ્રોત્સાહન આપ્યું હતું. પરેડ સંદર્ભે ૬ જાન્યુઆરી એ જ દિલ્હી બોલાવીને યોગ્ય તાલીમ આપી હતી. તાલીમ અર્થે હોટલ અશોકા તથા હોટલ સમ્રાટમાં રહેવા જમવાની વ્યવસ્થા કરી હતી. તમામ કલાકારોની સુરક્ષાનું ધ્યાન રખાયું હતું.

● રેલવે મંત્રાલય દ્વારા લોકોમાં દેશભક્તિની ભાવનાને ઉજાગર કરવા દેશના મુખ્ય ૧૦૦ રેલવે સ્ટેશન ખાતે ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાવવાનો પ્રકલ્પ હાથ ધરાયો છે જે અંતર્ગત ૭૩ મા ગણતંત્ર પર્વ દિને ગાંધીધામ રેલવે સ્ટેશન પરિસરમાં પણ ૧૦૦ ફૂટ ઊંચે વિશાળ ત્રિરંગો નગર પાલિકા અધ્યક્ષા ઈશિતા ટીલવાણી અને એરીયા જનરલ મેનેજર આદિશ પઠાનીયાના હસ્તે ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો. રાજ્યના પાટનગર કે જિલ્લા મથકના રેલવે સ્ટેશન ખાતે સ્મારક ધ્વજ લહેરાવવાનો નિયમ ગાંધીધામ માટે સાંસદ વિનોદ ચાવડાની જહેમતથી રેલવે મંત્રાલય અળગો કર્યો હતો. આગામી સમયે પાટનગર ભુજમાં પણ વિશાળ સ્મારક ધ્વજ લહેરાવાશે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj
The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |

For Mobile App Transfer

| | | |
|---|---|---|
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA